सत्यमेव जयते

દાખલ તારીખ : ૦૭/૦૩/૨૦૨૬
રજી. તારીખ : ૦૭/૦૩/૨૦૨૬
ફેસલ તારીખ : ૧૩/૦૩/૨૦૨૬
**સમયગાળો : વર્ષ–માસ–દિન**

---

**પોરબંદરના મ્હે. જીલ્લા ન્યાયાધીશ સમક્ષ, જી. પોરબંદર.**

---

**ફોજદારી રીવીઝન અરજી નં. ૦૯/૨૦૨૬**
**આંક :–**

**કટારા કાનાભાઈબાધાભાઈ**
ઉ.વ.આ. ૪૯, ધંધો: માલધારી,
રહે. બાવળાવાવ ગામ,
તાફ જી. પોરબંદર.............................................અરજદાર

**:: વિરૂધ્ધ ::**

**શ્રી સ ર કા ર**...............................................સામાવાળા

**બાબત:– પોરબંદર જીલ્લાના બગવદર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ–સી ૧૧૨૧૮૦૦૩૨૬૦૦૭૩/૨૦૨૬ થી પ્રોહીબીશન એકટની કલમ ૬૫(ઈ), ૮૧ તથા ૯૮(૨) મુજબના ગુના કામે મુદ્દામાલ હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મો.સા. જેના રજી. નં. જી.જે.૧૦.એ.એચ.૫૦૯૦ પરત મેળવવાની અરજી તળે પોરબંદરના વિ. જયુડી. મેજી. ફ.ક. ની કોર્ટે તા. ૨૬/૦૨/૨૦૨૬ ના રોજ કરેલ હુકમ સામે રીવીઝન અરજી.**

..........................................................................................
અરજદાર તરફે વિ.વ.શ્રી વિ. જી. પરમાર
સામાવાળા/શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી એસ.બી.જેઠવા
..........................................................................................

**:: <u>ચુકાદો</u> ::**

(૧) આ કામના અરજદારે પોરબંદર જીલ્લાના બગવદર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ–સી ૧૧૨૧૮૦૦૩૨૬૦૦૭૩/૨૦૨૬ થી પ્રોહીબીશન એકટની કલમ ૬૫(ઈ), ૮૧ તથા ૯૮(૨) મુજબના ગુના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મો.સા. જેના રજી. નં.

જી.જે.૧૦.એ.એચ.૫૦૯૦ પરત મેળવવાની અરજી તળે પોરબંદરના જ્યુડી. મેજી. ફ.ક.ની કોર્ટે તા. ૨૬/૦૨/૨૦૨૫ ના રોજ હુકમ કરી તે અરજી નામંજુર કરેલી જે હુકમથી નારાજ થઈ આ ફોજદારી રીવીઝન અરજી દાખલ કરેલ છે.

(૨) આ કામે સામાવાળાને ધોરણસરની નોટીસની બજવણી થઇ જતાં સામાવાળા શ્રી સરકાર તરફે વિ. પી.પી.શ્રી એસ. બી. જેઠવા હાજર થયેલ છે.

(૩) આ કામના અરજદાર તરફે હાલની આ રીવીઝન અરજી બી. એન. એસ. એસ. ની કલમ ૪૩૮ ના પ્રબંધો હેઠળ કરી તેમના વિ.વ.શ્રી વિ. જી. પરમારનાઓ દવારા મુખ્યત્વચે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામમાં પોરબંદર જીલ્લાના બગવદર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ–સી ૧૧૨૧૮૦૦૩૨૬૦૦૭૩/૨૦૨૬ થી પ્રોહીબીશન એકટની કલમ ૬૫(ઈ), ૮૧ તથા ૯૮(૨) મુજબ ફરીયાદ દાખલ કરવામાં આવેલી છે અને તે ગુનાના કામે બગવદર પો.સ્ટે. ના અધિકારીએ ત્હોમતદારને અટક કરી નામ. કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ. જે બાદ અરજદારે પોરબંદરના વિ. જ્યુડી. મેજી.ફ.ક. ની કોર્ટમાં અરજદારની માલીકીનું મુદામાલ વાહન હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મો.સા. જેના રજી. નં. જી.જે.૧૦.એ.એચ.૫૦૯૦નો કબજો મળવા અરજી કરેલ જે અરજી નીચે ટ્રાયલ કોર્ટે તા. ૨૬/૦૨/૨૦૨૬ ના રોજ અરજી નામંજુર કરેલ જે હુકમ કાયદા તથા હકીકતનીભુલ વાળો છે અને ટ્રાયલ કોર્ટે અરજદારના વાહન અંગે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લીધા સીવાય એકતરફી રીતે વિચારી વાદવાળોહુકમ કરેલ. આ કામના અરજદારનું વાહન પ્રોહીબીશનના ગુનામાં પકડાયેલું છે. સદર વાહનમાંથી દેરી દારૂની કોથળીઓ નંગ–૫૦, દારૂ લી. ૫૦, કિં. રૂા. ૧૦,૦૦૦/– મળી આવેલછે. સદર મુદામાલ મોટર સાયકલના અરજદાર કાયદેસરના માલીક છે અને કેસ ચાલતા ઘણો જ લાંબો સમય લાગે તેમ હોય ને તેમનું વાહન પો.સ્ટે.માં પડેલ હોય જયાં સાચવવાની કોઇ જ વ્યવસ્થા ન હોય જેથીતે એકદમ ભંગાર હાલતમાં થઇ જવાની પુરી શકયતા રહેલ છે અને સદર વાહન અરજદારના રોજીંદા વપરાશમાં લેવાતું હોય જેને કારણે તેઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય તેથી અરજદારને મુદામાલ વાહન પરત

સોંપવું જોઇએ. વધુમાં આ કામના વાહનના રજીસ્ટ્રેશનના કાગળો જોવામાં આવે તો વાહન અરજદારના નામે આવેલ છે જે તમામ હકીકતો વિ. ટ્રાયલ કોર્ટે ધ્યાને લીધા વિના વિ. ટ્રયલ કોર્ટે ભુલભરેલો હુકમ કરેલ છે. જે હુકમ રદ કરી અરજદારની હાલની રીવીઝન અરજી મંજુર કરવા તેમજ મુદ્દામાલ અરજદારને પરત સોંપવાનો હુકમ ફરમાવવા અરજદાર તરફે વિ.વ.શ્રી દવારા વિનંતી કરવામાં આવેલ છે.

(૪) સામાવાળા શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી એસ. બી. જેઠવાનાઓએ ત.ક.અમલદારના આંક-૦૫ થી રજુ થયેલ મુદ્દામાલ પરત સોંપવા અંગેના અભિપ્રાયને ધ્યાને લઇ એવી દલીલ કરેલ છે કે, આ કામે અરજદાર દવારા જે મુદ્દામાલ વાહન હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મો.સા. જેના રજી. નં. જી.જે.૧૦.એ.એચ.૫૦૯૦ પરત મળવા માંગણી કરેલ છેતે મુદ્દામાલ વાહનની આર.સી. બુક વંચાણે લેતાં સદર મુદ્દામાલ અરજદારના નામે હોવાનું જણાય છે. જે વાહનમાંથી દેશી દારૂની કોથળીઓ નંગ-૫૦, દારૂ લી. ૫૦, કિં. રૂા. ૧૦,૦૦૦/- નો મુદ્દામાલ કબજે થયો છે. જો અરજદારને સદર મુદ્દામાલ વાહન પરત સોંપવામાં આવે તો નામ. કોર્ટમાં જરુર પડયે અરજદાર હાજર નહી રાખે અને કોઇને વેચાણ કરી પુરાવાનો નાશ કરી નાખશે તથા ફરીથી તે વાહનનો ગેરકાયદેસર પ્રવૃતિમાં ઉપયોગ કરે તેવી પુરી શકયતા રહેલી છે. જેથી આ કામે વિ. ટ્રાયલ કોર્ટે રેકર્ડ ઉપર રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓનું યોગ્ય રીતે મુલ્યાંકન કરી કાયદેસરનો અને ન્યાયી હુકમ કરેલ છે જેમાં હસ્તક્ષેપ કરવાને પાત્ર નથી તેમ જણાવી હાલની આ રીવીઝન અરજી રદ કરવા તથા નામ. ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ કાયમ રાખવાની રજુઆત કરેલ છે.

(૫) આ કામે બંને પક્ષકારોની દલીલો, રીવીઝન અરજીની હકીકત, અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજો તેમજ તકરારી હુકમ, ત.ક.અમલદારનો અભિપ્રાય તથા તે સંલગ્ન દસ્તાવેજો ધ્યાને લેતાં મારા નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થયેલ છે.

**-:: મુ દ્દા ઓ ::-**

૧. શું વિ. જયુડી.મેજી.ફ.ક. પોરબંદરનાઓએ નાઓએ પોરબંદર જીલ્લાના બગવદર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ–સી ૧૧૨૧૮૦૦૩૨૬૦૦૭૩/૨૦૨૬ થી પ્રોહીબીશન એકટની કલમ ૬૫(ઈ), ૮૧ તથા ૯૮(૨) મુજબના ગુના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મો.સા. જેના રજી. નં. જી.જે.૧૦.એ.એચ.૫૦૯૦ વાળી પરત મેળવવાની અરજી હેઠળ તા. ૨૬/૦૨/૨૦૨૬ ના રોજ કરેલ હુકમ ખોટો, ગેરકાયદેસરનો અને કાયદાના પ્રબંધોથી વિરૂધ્ધનો છે અને તે અત્રેની અદાલતે તેઓના હુકમમાં હસ્તક્ષેપ કરવાની જરૂર છે ?

૨. શું હુકમ ?

**–:: <u>નિર્ણયો</u> ::–**

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**–:: <u>કારણો</u> ::–**

**<u>મુદા નં. ૧.</u>**

(૭) અરજદાર તરફેની હાલની રીવીઝન અરજી તથા તે સાથે રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લીધા. અરજદારના વિ.વ.શ્રીને તથા શ્રી સરકાર તરફે વિ. પી.પી. શ્રીની દલીલો સાંભળી તથા ત.ક.અમલદારનો આંક–૦૫ થીરજુ થયેલ અભિપ્રાય વંચાણે લીધો.

(૮) અરજદારે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૩૮ અન્વયે દાખલ કરેલ છે. કલમ–૪૩૮ અન્વે આ અદાલતનું કાર્યક્ષેત્ર મર્યાદીત છે. જો ટ્રાયલ કોર્ટનો હુકમ ગેરકાયદેસર, ભુલભરેલો, કાયદાના પ્રબંધોથી અને જોગવાઈથી વિરૂધ્ધનો હોય અને ટ્રાયલ અદાલતે પોતાની વિવેક સતાનો ઉપયોગ આર્બીટરલી તથા પરવર્શલી કરેલ હોય તો જ આ અદાલત બી.એન.એસ.એસ.ની કલમ ૪૩૮ અન્વયે આવા હુકમમાં હસ્ત્ક્ષેપ કરી શકે છે.

(૯) આ કેસની હકીકત જોતાં અરજદાર કટારા કાનાભાઇ બાધાભાઇનાઓ મુદ્દામાલ વાહન હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મો.સા. જેના રજી. નં. જી.જે.૧૦.એ.એચ.૫૦૯૦ ના માલીક છે તે વિગત આ કામે રજુ થયેલ આર.સી. બુકની નકલ વંચાણે લેતાં જણાય છે. આ કેસની ફરીયાદ વંચાણે લેતાં તા. ૦૭/૦૨/૨૦૨૬ ના રોજ પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન આરોપીના કબજા હવાલાવાળી હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મો.સા. જેના રજી. નં. જી.જે.૧૦.એ.એચ.૫૦૯૦ માં દેશી દારૂની કોથળીઓ નંગ-૫૦, દારૂ લી. ૫૦, કિં. રૂા. ૧૦,૦૦૦/- તે વાહનમાંથી મળી આવતાં કબજે કરેલ. જે અંગે સ્થળ ઉપર હાજર પોલીસ કર્મચારીઓએ પણ તે વિગતને સમર્થન આપ્યું છે. આ કામે રજુ મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું વંચાણે લેતાં આકામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દેશી દારૂ લી. ૫૦, કિં.રૂા. ૧૦,૦૦૦/- હાલના અરજદારની માલીકીના વાહન હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મો.સા. જેના રજી. નં. જી.જે.૧૦.એ.એચ.૫૦૯૦ માંથી મળી આવેલાનું જણાય છે. તે રીતે સદર મુદ્દામાલ વાહન દેશી દારૂ લી. ૫૦, કિં.રૂા. ૧૦,૦૦૦/- દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવામાં આવેલ હોવાનું પ્રથમ દર્શનીય જણાય છે.

(૯.૧) ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ સાથે વાંચતા ધી ગુજરાત પ્રોહીબીશન (એમેન્ડમેન્ટ) એકટ ૨૦૧૭ ની જોગવાઇઓ ધ્યાને લેતાં કલમ ૯૮(૨) માં જે જોગવાઇઓ છે તે નીચે મુજબ છે.

કલમ ૯૮(૨):- પેટા કલમ (૧) હેઠળ જપ્ત થવાને પાત્ર કોઈ ચીજ જેમાં મળી આવે તે વાસણ, દાગીનો અથવા બારદાન અને આવા પાત્ર, દાગીના અથવા બારદાનમાંની બીજી ચીજો અને એવી કોઈ ચીજ લઈ જવા માટે વપરાયેલા પશુ, ગાડા, વહાણો અથવા બીજા વાહનો પણ તે જ રીતે કોર્ટનાં હુકમથી જપ્ત થવાને પાત્ર થશે (પણ જપ્ત થયેલો દારૂનો જથ્થો નિયમોથી ઠરાવવામાં આવે તેનાથી વધુ હોય ત્યારે કોર્ટના આખરી ચુકાદા સુધી તેને બોન્ડ અથવા જામીન પર મુકત કરી શકાશે નહી.)"

(૯.૨) ગુજરાત નશાબંધી(દારૂના નમુના અને જપ્ત કરેલા દારૂનો જથ્થો નકકી કરવા અંગેનો નમુનો, ૨૦૧૨ ના નિયમ ૯ ની જોગવાઈ નીચે મુજબ છે.

નિયમ–૯ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનામાં સંબંધમાં જપ્ત કરેલ દારૂનો જથ્થો (વિસ લીટર) કરતાં વધુ હોય ત્યારે એવા દારૂની હેરફેર માટેનું વાહન અથવા તબલીદી વાહન અધિનિયમની કલમ–૯૮ ની પેટા કલમ (૨) ની જોગવાઈઓ અનુસાર સરકાર દાખલ થવાને પાત્ર થશે.

સ્પષ્ટીકરણ: આ નિયમોના હેતુ માટે, વાહન અથવા તબદીલી વાહનમાં બાઈસીકલ, મોટર સાયકલ, સ્કુટર, ઓટોરીક્ષા, લોડીંગ રીક્ષા, છકડો રીક્ષા, ઉંટગાડી, બળદગાડી, ઘોડાગાડી, હાથલારી, ટેમ્પો, ટ્રેકટર, ટેન્કર, કાર, જીપ, બસ, ટક, વહાણ, યાંત્રિક અથવા બિન–યાંત્રિક હોડી (બોટ), તરાપો(રાફટ), વેરી, સ્ટીમર, ઉંટ, બળદ, ઘોડો, ગધેડો અને તેના જેવા બીજા અહીં ન જણાવેલ વાહનોનો સમાવેશ થાય છે.

(૯.૩) આમ ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતાં કલમ ૯૮ ના પેટા કલમ–૧ હેઠળ મુદ્દામાલ દેશી દારૂ જપ્ત કરવામાં આવેલો છે અને તે દારૂ મુદ્દામાલ વાહનમાંથી મળી આવેલો છે. જેથી તે વાહન જપ્ત કરવામાં આવેલ છે. જપ્ત થયેલ વાહનમાં મળી આવેલ દારૂનો જથ્થો જોતાં દેશી દારૂની કોથળીઓ નંગ–૫૦, દેશી દારૂ લી. ૫૦ છે. નિયમ–૯ મુજબ તે દારૂ ૨૦ લીટર કરતાં વધુ પ્રમાણમાં જથ્થો હોય તે વાહન જપ્ત કરવાપાત્ર થાય છે અને તે વાહન કલમ ૯૮(૨) ની જોગવાઈ મુજબ આ કેસના આખરી ચુકાદા સુધી બોન્ડ અથવા જામીન ઉપર મુકત કરી શકાય તેમ નથી. ત.ક.અમલદારે પણ મુદ્દામાલ પરત નહીં સોંપવા અભિપ્રાય આપેલ છે. ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ ૧૩૨ (ખ) ની જોગવાઈ હેઠળ પણ તેવું મુદ્દામાલ વાહ–કલેકટરશ્રીને રીપોર્ટ કર્યા પછી સરકાર દાખલ થવા પાત્ર છે. જેથી આ કેસની ઈન્સાફી કાર્યવાહી હજુ પુર્ણ થઈ નથી અને તેથી કેસની ઈન્સાફી કાર્યવાહી પુર્ણ ન થાય ત્યાં સુધી તેવું વાહન તેના માલીકે ઈરાદાપુર્વક ગેરકાયદેસર કૃત્યમાં સોંપેલું હતું કે કેમ તે નકકી થઈ શકે નહી જેથી હાલના તબકકે અરજદાર તે વાહનના માલીક હોય તેઓને તે વાહન વચગાળાની કસ્ટડી પેટે પરત સોંપવું યોગ્ય જણાતું નથી.

(૧૦) આમ ઉપરોકત ચર્ચા મુજબ ટ્રાયલ કોર્ટનાઓએ અરજદારની મુદ્દામાલ વાહનની વચગાળાની કસ્ટડી મેળવવાની અરજી નામંજુર કરી છે તે

હુકમ ખોટો અને ગેરકાયદેસર હોવાનું જણાતું નથી અને કાયદાની જોગવાઈઓ મુજબ યોગ્ય હોવાનું જણાય છે. જેથી તે હુકમમાં હસ્તક્ષેપ કરવો ન્યાયના હીતમાં યોગ્ય જણાતું નથી. જેથી મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**–::હુ ક મ::–**

(૧) હાલની આ ફોજદારી રીવીઝન અરજી નં. ૦૯/૨૦૨૬ આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) વિ. જયુડી. મેજી. ફ.ક. પોરબંદરનાઓએ પોરબંદર જીલ્લાના બગવદર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ–સી ૧૧૨૧૮૦૦૩૨૬૦૦૭૩/૨૦૨૬ થી પ્રોહીબીશન એકટની કલમ ૬૫(ઈ), ૮૧ તથા ૯૮(૨) મુજબના ગુના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મો. સા. જેના રજી. નં. જી.જે.૧૦.એ.એચ.૫૦૯૦ વાળી પરત મેળવવાની અરજી હેઠળ તા. ૨૬/૦૨/૨૦૨૬ ના રોજ કરેલ હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

(૩) આ હુકમની એક નકલ તથા ટ્રાયલ કોર્ટનું રેકર્ડ ટ્રાયલ કોર્ટને મોકલી આપવું.

હુકમ આજરોજ તા. ૧૩ મી, માહે. માર્ચ, સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : પોરબંદર.
તા.૧૩/૦૩/૨૦૨૬

**(એમ. એ. ભટ્ટી)**
સેશન્સ જજ, પોરબંદર.
(UID NO GJ01506 )